ગામડા માટેની માળખાગત સુવિધા ગટર (ડ્રેઈનેજ) વ્યવસ્થાની યોજના અંગેની વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આરએચબી–૧૦–૨૦૦૮ / ૪૪૦ / વ, (પાર્ટફાઈલ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૮/૧૧/૨૦૦૯

વંચાણે લીધાં : (૧) આ વિભાગના તા.૩–૨–૨૦૦૯ના ઠરાવ – ક્રમાંક – આરએચબી–૧૦–૨૦૦૮–૪૪૦–વ,

(૨) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો તા.૯/૧૧/૨૦૦૯ નો પત્ર નં. જીઆરએચબી–ટેક–પ્લાન–વશી–૨૭૮/૦૯

ઠરાવ :

રાજ્યની ૭૦ ટકા કરતાં વધુ વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. ગુજરાત રાજયમાં ઔદ્યોગિક અને કૃષિ વિકાસનો દર ખૂબ જ ઝડપથી વધી રહયો છે. જેના કારણે રાજ્યના મોટા શહેરોની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારો અને તે સિવાયના અન્ય વિસ્તારોના મધ્યમ અને નાના શહેરોની નજીકના શહેરીકરણના અસર હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં વધારો થઈ રહયો છે, ગામમાં ગંદા પાણીના નિકાલ માટેની સમસ્યા ઉપસ્થિત થતી જાય છે. આ સમસ્યા પરત્વે રાજય વહીવટીતંત્રના આયોજનના ભાગ રૂપે સર્વ પ્રથમ ગ્રામ્ય વિસ્તારોમાં ગંદા પાણીના નિકાલ કરવા માટે ગટર વ્યવસ્થાનું માળખું હાથ ધરવામાં આવે તે ખૂબ જ આવશ્યક છે. શહેર જેવી સગવડો ગ્રામ્ય વિસ્તારમાં પ્રસ્થાપિત કરી રૂર્બનનું સ્વપ્ન સાકાર કરી શકાય, સને ૨૦૧૦માં રાજયમાં ઉજવવામાં આવનાર સ્વર્ણિમ ગુજરાતને અનુલક્ષીને રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં ગટર વ્યવસ્થાનું માળખું ઊભી કરી યોજનાનો ધ્યેય હાંસલ કરી શકાય.

પ્રોજેકટનું કવરેજ :

૧. ૧૦૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોને આવરી લઈ ગ્રામ્ય કક્ષાએ ગટર વ્યવસ્થાના (ડ્રેઈનેજ)માળખાનું નિર્માણ કરવાનું રહેશે.
૨. તાલુકા મથકોમાં ૧૦૦૦૦ થી ઓછી વસ્તી હોય તો પણ યોજનામાં સમાવેશ કરવાનો રહેશે.
૩. ટ્રાયબલ વિસ્તારમાં વસ્તીના ધોરણમાં ૭૦૦૦ની વસ્તીના ગામોનો સમાવેશ પ્રથમ તબકકે કરવાનો રહેશે.

યોજનાનું અમલીકરણ :–

આ વિભાગના તા.૨/૩/૨૦૦૯ ના ઠરાવ ક્રમાક આરએચબી–૧૦–૨૦૦૯–૪૪૦–વ, મુજબના ઠરાવની જોગવાઈઓ મુજબ યોજનાનું અમલીકરણ કરવાનું રહેશે

ઉપરોકત વિગતે નીચે જણાવેલ શરતોને આધીન રૂા.૧૧૫.૦૦ કરોડના રૂર્બન એરીયા ડેવલોપમેન્ટ પ્રોજેકટને સરકારશ્રીની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ યોજનાનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ સને ૨૦૦૯–૧૦માં કરવાનો રહેશે.

(૨) નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં સને ૨૦૦૯–૧૦ ની અંદાજપત્રીય જોગવાઈમાંથી ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે ખર્ચ કરી શકાશે નહી. વર્ષના આખરે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

(૪) તાંત્રિક કામગીરી અને માર્ગદર્શન માટે કન્સલટન્ટની નિમણુંક કરવાની રહેશે. જે કામગીરી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરે જાહેર નિવેદાથી કરવાની રહેશે તેમજ ડ્રેઈનેજનું સર્વે, ડીઝાઈનીગ તથા અંદાજો બનાવવા તથા ટેન્ડર ડોકયુમેન્ટ તૈયાર કરવાના રહેશે. તથા સમયાંતરે મોનીટરીગ અને સુપરવીઝનની કામગીરી કરવાની રહેશે.

(૫) ઉપરોકત વિગતે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડમાં "સેલ" શરૂ કરવાનું આયોજન છે. તેમાં સરકારી / બોર્ડના / આઉટ સોર્સીગથી મેળવેલ તાંત્રિક તેમજ વહીવટી તજજ્ઞ / કન્સલટન્ટો પ્લાન, એસ્ટીમેટ, ડીઝાઈનીગ, ડ્રાફટ ટેન્ડર વિગેરેનું કામ કરશે અને તેઓ કામોનું સુપરવીઝન તથા સમયાંતરે મોનીટરીગને તમામ કામગીરી કરશે.

(૬) નિમણુંક / આઉટ સોર્સીગ / ડ્રેઈનેજની કામગીરી વિગેરે યોગ્ય રીતે ટેન્ડર બહાર પાડીને કરવાની રહેશે.

(૭) તાંત્રિક / તજજ્ઞોની નિમણુંક / આઉટ સોર્સીગ બાબતે સરકારશ્રીના નિયમો મુજબ જરૂર હોય ત્યાં નાણાં વિભાગની મંજુરી લેવાની રહેશે.

(૮) શરૂઆતમાં પાંચ થી દસ ગામો અલગ અલગ વિસ્તારમાં પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદ કરીને કામગીરી શરૂ કરવાની રહેશે. ત્યાર બાદ તબકકાવાર કામગીરી હાથ ધરવાની રહેશે.,

(૯) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા સદર યોજનાની કામગીરી કરવાની રહેશે.

(૧૦) આ યોજનાનો ફંડ વિકાસ કમિશનરશ્રી (ગુજરાત રાજય)ના નિયંત્રણ હેઠળ રહેશે.

ઉકત મુખ્ય સદરમાં નવુ પેટા સદર – ૦૯ **"ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ"** અન્વયે એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટના તા.૨૮–૧–૨૦૦૯ ના પત્ર નં. NO-TM-PROPOSAL / ONS / 2515 / 399 ના પત્રથી નવુ પેટા સદર ખોલવાની મંજૂરી મળેલ છે જેના અનુસંધામાં નાણા વિભાગના તા.૪–૨–૨૦૦૯ના પત્ર નંબર:ONS/102009/GOI-23/ K,થી મંજૂરી આપવામાં આવી છે.

<u>આ અંગેનો ખર્ચ નીચે મુજબના સદરે કરવાનો રહેશે.</u>

– માંગણી ક્રમાંક : ૭૦

– મુખ્ય સદર ' ૨૫૧૫ – અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો

– પેટા મુખ્ય સદર – ૦૦

– ગૌણ સદર – ૧૦૨, સમૂહ વિકાસ

– પેટા સદર – ૦૯, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ આયોજન સદરે વર્ષ ૨૦૦૮–૦૯ માટે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની પાર્ટ ફાઈલ પર નાણા વિભાગના અગ્ર સચિવશ્રી (ખર્ચ)ની તા.૨૫–૯–૦૯ની નોંધથી મળેલી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ડી.જે.ધારૈયા
અધિક સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
– વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૬/૨, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, સેકટર–૧૦એ, ગાંધીનગર.
– હાઉસીગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, સેકટર–૧૦એ, ગાંધીનગર.
– મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
– એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
– સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
– ઉપસચિવશ્રી (બજેટ–૧) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આપના તા.૪–૨–૦૯ ના પત્ર ક્રમાંક : ONS/102009/GOI-23/ K,તરફ જાણ સારૂ.
– નાણાકીય સલાહકારશ્રી (પંચાયત) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– સિલેકટ ફાઈલ.